BUSINESS મિત્ર Plus

આ સપ્તાહે બજારમાં થોડી આગેકૂચ જોવા મળી શકે: સારા શેરોમાં ખરીદી કરો

તેજીના ઉત્સાહે ફરી એકવાર માથું ઊંચું કર્યું છે જ્યારે આપણે ફરી એક ઈવેન્ટ આધારિત સપ્તાહમાં પ્રવેશ કરી રહ્યા છીએ જ્યારે તીવ્ર ડ્રોડાઉન છતા અફવા પછી બજારમાં તેજી જોવા મળી હતી. અઠવાડિયું મોટાભાગે કોન્સોલિડેશનમાં વિતાવ્યા પછી નિફ્ટીએ 24800 ની આસપાસના પ્રતિકાર ક્ષેત્ર પર મજબૂત બ્રેકઆઉટ જોયું. ઘણા ખચકાટ પછી તેજીના ઉત્સાહ પ્રવાહોને આગળ વધારવામાં સફળ રહ્યો છે. કેટલાક સમયાંતરેના ધ્રુજારા છતા જળવાઈ રહેલો તેજીનો પ્રવાહ બજારમાં વધુ વિશ્વાસ જન્માવવામાં સફળ રહ્યો છે. હાલની ક્ષણે જળવાઈ રહેલો તેજીનો ઉત્સાહ મોટે ભાગે આઈટી સેક્ટરથી દોરવાયેલો છે. વલણો હાલમાં દર્શાવે છે કે વેપારીઓ અને રોકાણકારો દ્વારા જે પડકારનો સામનો કરવો પડી રહ્યો છે તે મોટાભાગે સ્થાનિક ટ્રિગર્સ પર નિર્ભર છે.

વૈશ્વિક બજારોમાં થોડો ફેરફાર જોવા મળી રહ્યો છે કારણ કે ફરી એકવાર યુરોડોલર પેરિટી વિસ્તરતી જોવા મળી રહી છે જે દર્શાવે છે કે લાંબા સમય પછી કેટલાક હકારાત્મક ઘટનાક્રમ યુરોઝોનમાં જોવા મળ્યા છે. યુરો ત્રણ વર્ષની ઉંચાઈએ પહોંચ્યો છે કારણ કે જર્મની સરકાર બનાવવાની નજીકમાં છે, જે બાબત ફુગાવાના આંકડા આવે તે પહેલા ડોલર પર વધુ દબાણ લાવી રહી છે. ડોલર પર ચાલુ રહેલું દબાણ વિશ્વના અન્ય ચલણોને વધવામાં

ચાર્ટ એડવાઈઝ
■ રાજા વેંકટરામન

લાભ કરી રહ્યો છે.

બજારના પ્રવાહો હવે ચલણ આધારિત ચાલ બન્યા છે અને તેથી આપણે આગામી સપ્તાહોમાં ડોલરની ચાલ પર બારીક નજર રાખવી જોઈએ.

અહીં દર્શાવેલ ડેઈલી ચાર્ટ વલણોના ચંચળ સ્વભાવને હાઈલાઈટ કરે છે કારણ કે આરબીઆઈ પોલિસી પછી શુક્રવારના રોજ ખરીદદાર રહિત બજારમાં લાંબી તરલતા જોવા મળી હતી જ્યારે આરબીઆઈએ યથાસ્થિતિ જાળવી રાખી હતી. સતત બે દિવસ સુધી કિંમતો ૨૪૮૪૦ની નીચે બંધ રહી હતી. અલબત્ત, કેટલાક મજબૂત ખરીદીના રસથી ઉત્સાહિત બજારમાં કેટલુક પોઝિટિવ માઈન્ડસેટ જોવા મળી રહ્યું છે જે ખરીદી માટેના સંકેત તરીકે જોઈ શકાય. નિફ્ટીમાં ૨૪૫૦૦ સુધીના ઘટાડે ૨૪૪૦૦ની નીચે સ્ટોપ રાખીને ખરીદી કરવાનું વિચારો. આગામી સપ્તાહે ૨૫૦૦૦ સુધી જઈ શકે જે નિફ્ટીને નિફ્ટી આઈટીનો ટેકો છે અને બેંક નિફ્ટી પણ પોતાની ભૂમિકા ભજવી રહ્યો છે.

સાઈન્ટ: સીએમપી ૧૯૯૮.૪૫

આ કાઉન્ટર ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ચાર્ટમાં જોવા મળેલ સ્થિર પ્રવેગ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ જ વલણો ચાલુ રહી શકે છે. ચાર્ટ પર જોવા મળેલી મજબૂત વોલ્યુમ એક્શન એ તેજીની પુષ્ટિ કરે છે જે આપણે ચાર્ટ પર જોયેલી છે. ભાવમાં સંક્ષિપ્ત કોન્સોલિડેશન જોવા મળ્યું અને શુક્રવારે જોવા મળેલા બ્રેકઆઉટમાં ઘટાડો એ સતત ખરીદી સૂચવે છે. મોટા બ્રોકરેજ હાઉસ દ્વારા શરૂ કરવામાં આવેલા સેક્ટર પરના સકારાત્મક દૃષ્ટિકોણ સાથે ઓપન ઈન્ટરેસ્ટ પણ સતત ગતિએ વધી રહ્યો છે. મજબૂત મોમેન્ટમ દ્વારા ટેકો મળતા ભાવ ઉંચે જતા હોય તો 2035 તરફના વધારા માટે 2000ની ઉપર અને 1975ની નજીકના ઘટાડે ખરીદો. ૧૯૬૫ પર સ્ટોપ રાખો.

ઓબેરોય રિયલ્ટી: સીએમપી ૨૧૪૨.૩૫

આ સ્ટોક છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી કોન્સોલિડેશન મોડમાં છે અને ધીમો અને સ્થિર વધારો જોવા મળ્યો છે છેલ્લાં કેટલાંક અઠવાડિયામાં જોવા મળેલી રિકવરી ઓપન ઇન્ટરેસ્ટમાં સ્થિર બિલ્ડ અપ દર્શાવે છે જે આ કન્જેશનમાંથી ભાવને બહાર કાઢવામાં મદદ કરી શકે છે. તે હવે ટ્રાઇડેન્ટ સિસ્ટમ પર સિગ્નલ ફ્લેશ કરવામાં તેમજ 2055 ની આસપાસના કી વેલ્યુ રેઝિસ્ટન્સ ઝોનને દૂર કરવામાં સફળ રહ્યો છે. જો આ અઠવાડિયે સકારાત્મક ગતિ જોવા મળે તો ભાવ ઊંચા સ્તરે જઇ શકે છે. ઓપન ઇન્ટરેસ્ટ જળવાઇ રહ્યો છે અને શુક્રવારે દેખાયેલ ફોલો-થ્રુ કેટલાક નવી ઉપરની ગતિની શરૂઆતનો સંકેત આપે છે. 2195 ની નજીકના ઉછાળા માટે 2145 ની ઉપર અને ૨૧૨૦ નજીકના ઘટાડે લોંગ શરૂ કરો. ૨૧૦૦ નીચે સ્ટોપ રાખો.

(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)

ડિસ્ક્લેમર: આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજોગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઈ-મેઈલ કરો અમને chartadvise@gujaratmitra.in પર

રિઝર્વ બેન્કના આરઆર કટથી નિફ્ટીમાં તેજીનું કમબેક

રિઝર્વ બેન્કે રિઝર્વ રેશિયો ૪.૫૦ ટકાથી ઘટાડીને ૪ ટકા કરતા બજારમાં ૧.૧૬ લાખ કરોડની રોકડ આવી છે. લિક્વીડીટી અછતમાં રાહત થઈ છે. આર્થિક વિકાસમાં અનપેક્ષિત ઘટાડા પછી રિઝર્વ બેન્ક પર વ્યાજદર ઘટાડો કરવા દબાવ વધ્યો હતો. રિઝર્વ બેન્કે રેપોરેટ ૬.૫ ટકાના દરે જળવી રાખ્યો છે પણ આરઆર કટ કરી થોડી રાહત આપી છે. ચીનમાંથી સતત વ્યાજદર અને રાહત પેકેજ આવી રહ્યા છે. જો આવતા વીકમાં ફેડ રેટકટ આપે તો નવા વરસે રિઝર્વ બેન્કે પણ વહેલી તકે રેટકટ આપવો પડશે. રિઝર્વ રેશિયો ઘટાડી બેન્કે રેટકટ મામલે પોઝિટિવ ફોરવર્ડ ગાઈડન્સ આપ્યું છે એમ માની શકાય. આરઆર કટથી શેરબજારમાં તેજીનું કમબેક થયું છે. સિલેક્ટ પીએસયુ, ડિફેન્સ, મેટલ્સ, માઈનીંગ, બેન્કિંગ વગેરે શેરોમાં તેજીનો ચમકારો આવ્યો છે. રૂપિયો ૮૪.૭૩થી સુધરી ૮૪.૬૫ સુધી આવ્યો છે.

વિશ્વબજારની વાત કરીએ તો ક્રિપ્ટોકરન્સીમાં માર્કેટ લીડર બીટકોઈન ૧૦૨૦૦૦ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા પછી ડિજિટલ કરન્સીની તેજી વ્યાપક બની છે. ઈથર ૪૦૦૦ ડોલર પહોંચ્યો છે. પ્રાઈવેટ ટોકન્સમાં સતત ચર્ચામાં રહેતો ડોજે વરસના લો ૦.૦૭૧થી વધી ૦.૪૮ થયો છે. ટ્રમ્પે ડોજેનું નામેરી એવું એક ખાતું ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી સૂચવ્યું છે એના વડા એલોન મસ્ક અને સહયોગી વિવેક રામાસ્વામી છે. આ નામકરણ પછી ડોજેને તેજીનો કરન્ટ ન લાગે તો જ નવાઈ ગણાય.

બીટકોઈને એક લાખ ડોલરની સપાટી વટાવ્યા પછી બીટકોઈનનું માર્કેટ કેપ બે ટ્રિલિયન ડોલર અને બધી ડિજિટલ કરન્સીનું માર્કેટ કેપ ૩.૬૦ ટ્રિલિયન થઈ ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬માં પ્રમુખપદે હતા ત્યારે બીટકોઈનના સમર્થક નહોતા પણ ૨૦૨૪માં જૂલાઈ માસમાં બીટકોઈન ૨૦૨૪માં તેઓ ગયા એ પછી એમનો અભિગમ બદલાયો. અમેરીકન એસ્ટાબ્લિશમેન્ટ યાને અમેરિકી નાણાંવિભાગ, ફેડરલ રિઝર્વ વગેરેનો અભિગમ બીટકોઈન તેમજ ડિજિટલ એસેટને ઉત્તેજન ન આપવું એવો હતો. નાણાંસચિવ જેનેટ યેલેન, કોમોડિટી ફ્યુચર ટ્રેડિંગ

બિરેન વકીલ

કમિશનના ચેરમેન ગેરી જેન્સલર જેવા તજજ્ઞો ક્રિપ્ટોના વિરોધી રહ્યા છે એનું એક કારણ મનીલોન્ડરીંગ, ટેરર ફાયનાન્સિંગ, ડ્રગ ટ્રાફિકિંગ, કરચોરી જેવા દૂષણોમાં ડિજિટલ એડપ્શનના જોખમો તેઓ સમજી શક્યા હશે એ ગણાય. યુરોપ, ચીન વગેરે મહાસત્તાઓ પણ બીટકોઈન માઈનીંગ, ટ્રેડિંગ, રોકાણ વગેરેને કાનૂની માન્યતા નથી આપતા એમાં પણ આવા ભયસ્થાનો છે. અમેરિકા અને કેનેડાએ ઈટીએફ અને વાયદાબજારો વડે ડિજિટલ કરન્સીને શક્ય એટલી રેગ્યુલેટ કરવા પ્રમાણીક પ્રયાસ કર્યો છે. ભારતનો અભિગમ પણ ક્રિપ્ટોકરન્સી મામલે અમેરિકી-યુરોપની રેગ્યુલેટરી એજન્સીઓ જેવો જ રહ્યો છે. નિયમનકારી તંત્રો બીટકોઈન, ઓલ્ટકોઈનના

> **બીટકોઇન એક લાખને પાર- ટેક શેરોમાં વેલ્યુ બાઈંગ- સોનામાં સુસ્તી**

ભયસ્થાનોથી સુપેરે પરિચિત છે. એફટીએક્સ જેવા સંખ્યાબંધ કૌભાંડોથી માંડીને પીગબુચરીંગ જેવા સ્કેમ કે પછી ખંડણી હવાલા, ડ્રગ ટ્રાફિકિંગ જેવા દૂષણોમાં ડિજિટલ ટોકનની ભૂમિકા રેગ્યુલટરનો ડર વાજબી પણ ઠેરવે છે. ટ્રેસેબીલીટી, રેગ્યુલેટરી ચેનલને સમાંતર નાણાંસિસ્ટમ ઉભી થાય તો એનાથી આર્થિક પ્રણાલી પર જોખમો આવે એ સમજીને જ કદાચ પરંપરાગત માર્કેટ ગુરુ વોરન બફેટથી માંડી જેમી ડિમોન વગેરે ક્રિપ્ટો સમર્થક નથી બની શક્યા. એનાથી વિપરીત ન્યુ એજ ઈકોનોમી, એઆઈ, અલ્ગો, ફિનટેક વગેરેના સમર્થકો એલન મસ્ક, કેવિન ગ્રીફિથ, આર્ક ફાયનાન્સિયલના વડા કેથી વુડઝ, માઈક્રોસ્ટ્રેટેજીના વડા માઈકલ સેયલર વગેરે ક્રિપ્ટો ઈકોસિસ્ટમના કટ્ટર ટેકેદાર રહ્યા છે. ટ્રમ્પનો વિજય ડિજિટલ ઈકોસિટમ માટે ગેમ ચેન્જર બન્યો છે. સોઈ ઝાટકીને કહીએ તો અમેરિકન એસ્ટાબ્લીશમેન્ટે બીટકોઈન અને ડિજિટલ ઈકોસિસ્ટમને હાઈજેક કરી લીધી છે. ટ્રમ્પે એલાન કર્યું છે કે અમેરિકા આગામી પાંચ વરસમાં ૧૦ લાખ બીટકોઈન ખરીદી ડિજિટલ રિઝર્વ ઉભી કરશે. જરુર પડે અમેરિકા પોતાની રિઝર્વમાંથી સોનું વેચશે. પાછલા ૨૫ વરસમાં બીટકોઈન ૧૦૦ ડોલરથી ૧૦૦૦૦૦સુધી પહોંચ્યો છે. અમુક રોકાણકારો બીટકોઈન ૨ લાખ-૫ લાખ સુધી જવાના વરતારા કરી રહ્યા છે. બીટકોઈનમાં હાલ યુફોરિયા કંડિશન ચાલી રહી છે અને ૧૬મી સદીના તુલિપ મેનીયા જેવી કંડિશન પણ બહુ દૂર નથી. મોટા ભાગના કામકાજ અનરેગ્યુલેટેડ છે એટલે પંપ એન્ડ ડમ્પ સ્કિમો, અલ્ગો ક્રિપ્ટો આરબીટ્રેજ, લેન્ડિંગ જેવા જાતજાતના કારોબાર ચાલે છે. બીટકોઈન એક લાખને પાર જતા અને આ વખતે તેજીને વોશિંગ્ટન વહીવટિતંત્રના પણ આશિવાર્દ હોઈ ભારતમાં ફિનટેક, ક્રિપ્ટો એકસચેન્જ વગેરે સ્ટેકહોલ્ડર્સ એકસાઈટેડ છે. થોડા સમયમાં ક્રિપ્ટો કરન્સી મામલે ગ્લેમરસ સેમિનારો અને મીડીયા બ્લીટ્ઝક્રીગ જોવા મળે તો નવાઈ નહી.

૨૦૨૫માં ભારતમાં પણ ડિજિટલ એસેટ અને ફિનટેક મામલે રેગ્યુલેટરી અભિગમમાં સકારાત્મક પરિવર્તનો જોવા મળશે. ભારતમાં ઈકવીટી-સોનું- જમીન અને એફડી અને અમુક અંશે બોન્ડ. હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે તાલમેલ માટે રોકાણના બહુવિધ ઈન્સ્ટ્રુમેન્ટસ જેવા કે ઈટીએફ, ઈન્ડેક્સ, કોમોડિટી, સ્ટ્રક્ચર્ડ પ્રોડક્ટસ, ડિજિટલ એસેટસમાં બજારોને ખરા અર્થમાં મુકત કરવાનો સમય પાકી ગયો છે. પ્રોપર રિંગ ફેન્સીંગ સાથે કોમોડિટીઝ અને ક્રિપ્ટો બેઉમાં રેગ્યુલેટરી ફ્રેમવર્ક સાથે ઘણું કામ થઈ શકે એમ છે. હેજિંગ ટૂલ્સના અભાવે કોમોડિટી સેક્ટરને જે વેઠવું પડયું એવું ફિનટેક કે કેપિટલ માર્કેટ કે ડેબ્ટ માર્કેટને ન વેઠવુ પડે એ દીશામાં ઘણું કરવાનું બાકી છે. હજૂ પણ મોડું થયું નથી.

વિદેશી રોકાણકારોનો યુ ટર્ન, ભારતીય શેરબજારમાં તેજીનો દોર જળવાઈ રહેશે

ભારતમાં એફડીઆઇનો આંકડો એપ્રિલ 2000થી સપ્ટેમ્બર 2024 દરમ્યાન 1000 અબજ ડોલરને પાર કરી ગયું છે. જે ભારતને વૈશ્વિક સ્તરે સલામત અને અગ્રણી રોકાણ સ્થળ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં એફઆઇઆઇની વેચવાલી રહી હતી, પણ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં એફઆઇઆઇની સતત ખરીદી રહેતા ભારતીય શેરબજારમાં રી એન્ટ્રીથી યુ ટર્ન મારતા આવનારા સમયમાં ભારતીય શેરબજારમાં તેજીનો દોર જળવાઇ રહેવાની સંભાવના જોવા મળી હતી.

> **એફપીઆઇએ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઇક્વિટીમાં રૂ. 244554 કરોડની ચોખ્ખી રકમનું રોકાણ કર્યું અને આ તરફ ભારતનું એફડીઆઇ એક હજાર અબજ ડોલરને પાર કરી ગયું**

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડના ડેટા અનુસાર, એપ્રિલ, 2000થી સપ્ટેમ્બર 2024 દરમ્યાન ઇક્વિટી, રિઇન્વેસ્ટેડ અર્નિંગ્સ અને અન્ય મુડી સહિત એફડીઆઇની કુલ રકમ 1033.40 અબજ ડોલર રહી હતી. આંકડા અનુસાર લગભગ 25 ટકા એફડીઆઇ મોરિશિયસ રૂટથી આવ્યું છે, તે પછી સિંગાપોર 24 ટકા, અમેરિકા 10 ટકા, નેધરલેન્ડ 7 ટકા, જાપાન 6 ટકા, યુએઇ 3 ટકા અને કેમેન આઇલેન્ડસ જર્મની અને સાયપ્રસનો ક્રમ આવે છે.

આંકડાઓ અનુસાર, એપ્રિલ 2000થી સપ્ટમ્બર 2024 દરમ્યાન ભારતને મોરેશિયસથી 177.8 અબજ ડોલર, સિંગાપુરથી 167.18 અબજ ડોલર, સિંગાપુરથી 167.47 અબજ ડોલર અને અમેરિકાથી 67.8

અબજ ડોલરનું એફડીઆઇ મળ્યું હતું. આમાંના મોટા ભાગના રોકાણો સેવા ક્ષેત્ર, કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર, ટેલિકોમ્યુનિકશેન્સ, ટ્રેડિંગ, બાંધકામ વિકાસ, ઓટોમોબાઇલ, કેમિકલ અને ફાર્મા ક્ષેત્રોમાં આવ્યા હતા.

છેલ્લા બે મહિનામાં ભારે વેચવાલી બાદ વિદેશી પોટર્ફોલિયો રોકાણકારો

માર્કેટ વોચ

ભારતીય શેરબજારમાં પરત ફર્યા છે. એફપીઆઇએ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઇક્વિટીમાં રૂ. 244554 કરોડની ચોખ્ખી રકમનું રોકાણ કર્યું હતું. નિષ્ણાતોના મતે વૈશ્વિક પરિસ્થિતિમાં સ્થિરતા અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડાની શક્યતાને કારણે આવુ બન્યું છે. આ પહેલા એફપીઆઇએ નવેમ્બરમાં રૂ. 21612 કરોડ અને ઓક્ટોબરમાં રૂ. 94017 કરોડ ખેંચી લીધા હતા. અગાઉ સપ્ટેમ્બરમાં એફપીઆઇની ખરીદી નવ મહિનાની ઉંચી સપાટીએ હતી અને તેમણે રૂ. 57724 કરોડનું ચોખ્ખું રોકાણ કર્યુ હતું. ડિપોઝિટરી ડેટા દર્શાવે છે કે, નવા પ્રવાહ સાથે 2024માં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારોમાં એફપીઆઇનું રોકાણ 9435 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

ઉલ્લેખનીય છે કે, બજારમાં તાજેતરના કરેક્શનથી એફપીઆઇને થોડું રોકાણ વધારવાની પ્રેરણા મળી શકે છે. આ ઉપરાંત, ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારાચી અને અન્ય ઘણા દેશો પર સુચિત ટેરિફને કારણે ચીની ઇક્વિટીઝ પર અનિશ્ચિતતાને કારણે એફપીઆઇ ફરીથી ભારતીય ઇક્વિટી તરફ વળ્યા હોઇ શકે છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારતે વર્ષ 2014થી અત્યાર સુધીના કુલ 667.30 અબજ ડોલર (2014-24) નો એફડીઆઇ પ્રવાહ આકર્ષ્યો છે. જે અગાઉના દાયકા2004-14ની સરખામણીએ 119 ટકા વધારે છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ રોકાણો 31 રાજ્યો અને 57 ક્ષેત્રોમાં ફેલાયેલા છે. જે વિવિધ ઉદ્યોગોમાં વૃદ્ધિને આગળ ધપાવે છે. વ્યૂહાત્મક રીતે મહત્વપુર્ણ ક્ષેત્રો સિવાયના મોટા ભાગના ક્ષેત્રો સ્વચાલિત રૂટ હેઠળ 100 ટકા એફડીઆઇ માટે ખુલ્લા છે. છેલ્લા દાયકામાં ઉત્પાદન ક્ષેત્રમાં એફડીઆઇ ઇક્વિટી પ્રવાહ 165.1 અબજ ડોલરે પહોંચ્યો છે. જે અગાઉના દાયકામાં 97.7 અબજ ડોલરના પ્રવાહની સરખામણીમાં 69 ટકાનો વધારો દર્શાવે છે.

નિષ્ણાતો કહે છે કે, ભારતમાં વિદેશી રોકાણમાં 2025માં વધારો થઇ શકે છે. કારણ કે તંદુરસ્ત મેક્રો ઇકોનોમિક ડેટા, ઔદ્યોગિક ઉત્પાદનમાં સુધારો અને આકર્ષક પીએલઆઇ યોજનાઓ ભૌગોલિક રાજકીય પ્રતિકૂળતાઓ વચ્ચે વધુ વિદેશી રોકાણકારોને આકર્ષિત કરે છે. વૈશ્વિક પડકારો છતાં, ભારત હજુય પણ રોકાણ માટેનું પસંદગીનું સ્થળ છે.

જીડીપીના આંચકાથી ભારતીય અર્થતંત્રમાં મંદીની આહટ!!

તાજેતરમાં ભારતના વિકાસ દરના ડેટા જાહેર થયા છે અને આ ડેટાએ સમગ્ર અર્થતંત્રને ડગમગાવી દે તેવા ડેટાથી અર્થશાસ્ત્રીઓને પણ આશ્ચર્યચકિત કરી દીધા છે. જીડીપી દર 5.4 ટકાના નીચલા સ્તરે પહોંચ્યા, જે આંચકારૂપ છે પણ તેનાથી વધુ આવનારા સમય ઉપર અર્થશાસ્ત્રીઓ વિચારમાં મુકાઇ ગયા છે. જેઓના અંદાજમાં ધરખમ ઘટાડો થયો છે. ગત નાણાકીય વર્ષમાં દેશમાં જીડીપી દર 8.2 ટકાથી ગત ત્રિમાસિક ગાળામાં 5.4 ટકા વૃદ્ધિને આંચકો આપનાર ભારતના ધીમા જીડીપી વિકાસને કારણે અર્થશાસ્ત્રીઓએ આ નાણાકીય વર્ષ અને આગામી વર્ષ માટે

પુર્ણ વર્ષના અંદાજોને ઘટાડીને 6 ટકા જેટલા નીચા સ્તરનું અનુમાન લગાવી રહ્યા છે.

મોદી સરકારના ચાલુ નાણાકીય એકત્રીકરણ અને ફુગાવા પર લગામ લગાવવા માટે કેન્દ્રીય બેંકની નાણાકીય તંગીને કારણે થોડી મંદીની અપેક્ષા રાખવામાં આવી હતી. પણ ગત ક્વાર્ટરના જીડીપીના દર બાદ વિશ્વભરમાં ભારતના અર્થતંત્ર વિકસી રહ્યાની ચર્ચા ચાલી હતી, પણ બીજા ક્વાર્ટરના જીડીપી ડેટાએ એલાર્મ વગાડી દીધું છે. અર્થશાસ્ત્રીઓ પણ એલાર્મ વગાડી રહ્યા છે. સ્ટેટ બેંક ઓફ

ઓફ-બીટ

ઇન્ડિયામાં સૌમ્યા કાંતિ ઘોષે દેશમાં આગળનો સમય વધુ મુશ્કેલ બની શકે છે તેવી ચેતવણી આપી છે. એન્કે ગ્લોબલ ફાયનાન્સિયલ ખાતે માધવી અરોરા સ્ટેગફ્લેશનની ચેતવણી આપે છે.

લોકસભાની ચૂંટણીના પગલે મુડી ખર્ચ અટકી ગયો હતો. જે ચૂંટણી બાદ હજુય સુધી મુડી ખર્ચમાં વધારો

> **હાલમાં મુડીખર્ચ અંદાજપત્રીય લક્ષ્યાંકથી 60 ટકા ઓછો, જે ચિંતાનો વિષય, જીડીપી વૃદ્ધિદર 5.4 ટકાનો આંચકો આપ્યા બાદ વાર્ષિક જીડીપી દર ઘટાડીને 6 ટકાનો અંદાજ મુકાયો**

થઇ શક્યો નથી, પણ મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી બાદ ફરીથી મુડી ખર્ચમાં વધારો થવાની સંભાવના જોવાઇ રહી છે. હાલમાં મુડીખર્ચ અંદાજપત્રીય લક્ષ્યાંકથી 60 ટકા ઓછો છે અને બાકીના બે ત્રિમાસિક ગાળામાં ઇન્ફ્રાસ્ટ્રકચર સહિત ખર્ચા વધી જશે, તો જીડીપી દરમાં વધુ ઘટાડો થતો અટકશે. બીજી તરફ, રાજ્યોએ કેપેક્સ પણ ધીમું કર્યુ છે. ઔદ્યોગિક વિકાસને ભારે નુકશાન થયું છે, જે અગાઉના ત્રિમાસિક ગાળાના 7.1 ટકાથી વધીને 2.1 ટકા થઇ ગયું છે.